**વડીલોને વંદન**
**અભિનંદન**


ત્ર્યંબકભાઈ એચ. વ્યાસ
(૧૯૨૨)ફોન:૨૩૨૩૯૫૯૭


ખેંગારજી શિવજી ચૌહાણ
(૧૯૫૦)ફોન:૨૩૨૨૪૯૭૬

## આજે સરહદ કો નમન કાર્યક્રમ આયોજન થશે

અમદાવાદ, તા.૨૦

ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી હિતેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આવતીકાલે તા. ૨૧મીએ સવારે પ્રદેશ મહામંત્રી શંકર ચૌધરી અને પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાની હાજરીમાં યુવા મોરચા દ્વારા "સરહદ કો નમન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત યુવા મોરચાના કાર્યકર્તાઓ બનાસકાંઠાના સૂઈ ગામમાં નાળેશ્વરી મંદિર ખાતે એકત્રિત થઈ ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે સરહદને નમન કરશે અને ત્યાંની માટી એકત્રિત કરીને દિલ્હી મોકલશે. આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાના પ્રદેશના હોદ્દેદારો, પ્રદેશ કારોબારી સભ્યો તથા જીલ્લા / મહાનગરના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના દરેક રાજ્યોમાં યુવા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા આ પ્રકારનો સરહદ કો નમન કાર્યક્રમ યોજવામાં આવશે અને બધા રાજ્યોની માટીને ૨૩મી જાન્યુઆરીએ સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ દિને દિલ્હી ખાતે એકત્રિત કરવામાં આવશે.

## દુઃખદ અવસાન

વડોદરા સમાચારના અમદાવાદ સ્થિત પત્રકાર કમલ શાહના પિતાશ્રી રજનીકાન્તભાઈ શાહનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થ રજનીકાન્તભાઈનું બેસણું ૨૧મીને મંગળવારે સવારે ૮ થી ૧૧ ભૈરવનાથ પાર્ક સોસાયટી ભૈરવનાથ ચાર રસ્તા મણિનગર અમદાવાદ ખાતે રાખેલ છે.

# ઈશરત પ્રકરણ : સીબીઆઈ પૂરક ચાર્જશીટ રજુ કરવાની તૈયારીમાં

## નરેન્દ્ર મોદીના નજીકના સાથી અમિત શાહના નામનો ઉલ્લેખ નહીં જ કરાય તેવી વકી : આઈબી અધિકારીઓ સામે પૂરાવા પરંતુ ઘણી કાયદાકીય ગૂંચવણો

અમદાવાદ,તા. ૨૦

સીબીઆઈ સનસનાટીપૂર્ણ ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં પૂરક ચાર્જશીટ દાખલ કરવાની દિશામાં આગળ વધી રહી છે. ૧૦ દિવસની અંદર પૂરક ચાર્જશીટ રજુ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આઈબીના અધિકારીઓની સામે ખટલો ચલાવવાની મંજુરી મામલે કેટલીક ગુંચવણ રહેલી છે.

સીબીઆઈ સૂત્રોએ કહ્યુ છે કે ચાર્જશીટ દાખલ કરતા પહેલા જો કાયદાકીય અભિપ્રાય મળશે નહીં તો સીબીઆઈ સંબંધિત કોર્ટને માહિતી આપશે કે મામલો સરકાર સમક્ષ પેન્ડિંગમાં છે. ઈશરત અને તેના સાગરિતોને મારી નાંખવા કાવતરામાં શંકાસ્પદ ભૂમિકા ધરાવનાર આઈબીના અધિકારીઓના નામ જાહેર નહીં કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રોનું કહેવું છે કે ૧૦ દિવસની અંદર આ કેસમાં તેની ચાર્જશીટ દાખલ કરવામાં આવે તેવી શક્યતા છે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નજીકના સાથી અને પૂર્વ ગૃહ પ્રધાન અમિત શાહના નામનો કોઈ ઉલ્લેખ નહીં કરાય તેવી શક્યતા છે.

જો કે સૂત્રોએ દાવો કર્યો છે કે સીબીઆઈ પાસે આઈબીના અધિકારીઓ પાસે પૂરતા પ્રમાણમાં પૂરાવા છે. આ એન્કાઉન્ટર હાથ ધરવાના મામલામાં કાવતરામાં સામેલ હોવાની આઈબીના અધિકારીઓ પર શંકા રહેલી છે. આઈબી અધિકારીઓ સામે પૂરતા પ્રમાણમાં પૂરાવા છે.

જો કે તપાસ સંસ્થાએ સ્પેશિયલ ડિરેક્ટર રાજેન્દ્ર કુમાર(હવે નિવૃત્ત) અને અન્ય ત્રણ આઈબી અધિકારીઓ પી. મિત્તલ, એમકે સિંહા ને રાજીવ વાનખેડે સામે ખટલો ચલાવવા ગૃહમંત્રાલય તરફથી મંજુરીની જરૂર છે કે કેમ તે સંદર્ભમાં મામલો કાયદામંત્રાલય સમક્ષ મોકલી દીધો છે. બનાવ વખતે કુમાર સક્રીયરીતે સેવામાં હતા જેથી ખટલો ચલાવવા માટે ગૃહમંત્રાલયની મંજુરીની જરૂર છે. અન્ય એવો અભિપ્રાય પણ છે કે આ ગયા વર્ષે જૂલાઈ મહિનામાં સેવામાંથી તેઓ નિવૃત્ત થઈ ચુક્યા છે જેથી સીબીઆઈ ખટલો ચલાવવા કોઈ પણ મંજુરી વગર આગળ વધી શકે છે અને ચાર્જશીટ રજુ કરી શકે છે. જો કાયદામંત્રાલયને એવું લાગશે કે ગૃહમંત્રાલયની મંજુરીની જરૂર છે તો આઈબીના અધિકારીઓ સામે ખટલો ચલાવવાની મંજુરીની માંગ કરીને વિનંતી મોકલશે.

# પ્રાંતિજમાં યુવાનની કલાકારીગરી નિહાળવા લોકોમાં ઉત્સુકતા


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજમાં આવેલા રેલવે સ્ટેશન વિસ્તારમાં મુરાદાબાદનો યુવાન વેસ્ટમાંથી અનોખી હાથ બનાવટની બેસ્ટ ચીજવસ્તુઓ બનાવી રહ્યો છે. તેની આ અનોખી કળાએ હાલ ભારે આકર્ષણ જમાવ્યું છે. આથી તેની કલાકારીગરી નિહાળવા અને ખરીદવા લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

દુનિયામાં જે કોઈ વ્યક્તિ જન્મ લે છે તેને કુદરતે કંઈ ને કંઈ કળા જરૂર આપી હોય છે. ત્યારે આવી જ એક અનોખી કળાનો માલિક અને મૂળ ઉત્તરપ્રદેશના મુરાદાબાદના દિલારી ગામના યુવાન સદામે પ્રાંતિજમાં પોતાની કળાથી ભારે આકર્ષણ જમાવ્યું છે. આ યુવાન થોડા સમય પહેલા ઉત્તરપ્રદેશથી પ્રાંતિજમાં આવ્યો હતો. અને રેલવે સ્ટેશન વિસ્તારમાં એક કચ્છી પટેલની દુકાન ભાડે રાખી હતી લાકડાથી બનાવેલ અનોખા હાથ વણાટના સંચાની મદદથી વેસ્ટ કાપડમાંથી બેસ્ટ આસન પટ્ટા, સેતરંજી, પગ લુછણીયા મિનિટોમાં બનાવી આપે છે. પેટ માટે યુવાન કારીગર હાથ પગ ચલાવી માત્ર એક જ કલાકમાં ત્રણ કિલો વેસ્ટ કાપડમાંથી ૩x૬ ફૂટની સુંદર સેતરંજી માત્ર રૂ. ૧૦૦ની મજુરીમાં બનાવી આપે છે. યુવાનની અનોખી કળાને નિહાળવા માટે કલારસિકો પણ ઉમટી રહ્યા છે.


પરિમલ ગાર્ડન ઈન્ડસ બેંકમાં મહિલા સાથે છેડતીના મામલે દેખાવો કરવામાં આવ્યા હતા.

## નોબેલનગરમાં કેરોસીન છાંટી કરેલી આત્મહત્યા

અમદાવાદ, તા.૨૦

શહેરના સરદારનગર અને સાબરમતી પોલીસ મથકમાં મૃત્યુના બે બનાવો નોંધાયા છે. નોબલનગરના રાજીવનગરમાં રહેતા ૨૫ વર્ષીય વંદનાબને સંતોષભાઈ શેવરે તા. ૧૮ જાન્યુઆરીના બપોરના ૨-૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણોસર પોતાના શરીર પર કેરોસીન છાંટી સળગી ગયા હતા ત્યારબાદ તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું રાત્રીના મોત નિપજ્યું હતું. મૂળ રાજસ્થાનના પણ નારોલના એવરગ્રીન ટ્રાન્સપોર્ટમાં રહેતા ૨૭ વર્ષીય દેવીલાલ ખુમાનભાઈ બલઈ અને ૩૦ વર્ષીય ચેતનકુમાર ગુર્જર બંને ૧૮ જાન્યુઆરીના રાત્રીના ૧૧:૦૦ વાગ્યાના સુમારે એસપી રીંગરોડ ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી તરફ જતાં અંડરબ્રીજ પાસેથી મોટરસાયકલ પર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર (જીજે-૧-બીયુ-૪૬૨૫) મોટર સાયકલને ટક્કર મારી બંનેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં દેવીલાલનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જ્યારે ચેતનકુમારનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

# ઈશરત કેસ : આરોપીઓને સીબીઆઈની કોર્ટમાં રજુ કરાયા

અમદાવાદ, તા.૨૦

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની યોજાયેલી મુદતમાં કેસ હેઠળ સંકળાયેલા આરોપીઓની પેશકશી કરવામાં આવી હતી. જેમાં એન.કે. એમીન અને ડી.જી. વણઝારા કોઈ કારણોસર કોર્ટમાં હાજર રહી શક્યા ન હતા.

સુત્રોની મળેલ માહિતી અનુસાર તપાસ એજન્સી સીબીઆઈ દ્વારા પૂરક ચાર્જશીટ રજુ થવાની સંભાવના હતી પણ સીબીઆઈ તરફથી કોઈ પૂરક ચાર્જશીટની કાર્યવાહી થઈ ન હતી. હવે આ કેસની વધુ સુનાવણી ૩૧મી જાન્યુઆરીના રોજ હાથ ધરાશે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં મુદત હોવાથી કેસમાં સંકળાયેલા આરોપીઓને સીબીઆઈ કોર્ટમાં રજુ કરાયા હતા.

કોર્ટમાં ભૂતપૂર્વ ઉચ્ચપોલીસ અધિકારી એન.કે. અમીન અને ડી.જી. વણઝારા કોઈ કારણોસર ઉપસ્થિત રહ્યા ન હતા. પણ તપાસ એજન્સી સીબીઆઈ દ્વારા પૂરત ચાર્જશીટ રજુ થશે તેવી અટકળોએ જોર પકડ્યું હતું. કેમ કે ગત શુક્રવારથી સીબીઆઈ ટીમ ગાંધીનગરમાં છે. તેથી સુત્રો દ્વારા એવી માહિતી મળી રહી હતી કે ઈશરત કેસમાં પૂરક ચાર્જશીટ રજુ થશે કેમ કે સીબીઆઈના વડાએ ઈશરત કેસની પૂરક ચાર્જશીટને આખરી ઓપ આપી દીધો છે અને આ પૂરક ચાર્જશીટથી કેસમાં નવો વળાંક આવશે તેવી સંભાવનાઓ સેવાઈ રહી હતી પણ સીબીઆઈએ પૂરક ચાર્જશીટ રજુ ન કરતા અટકળોનો અંત આવ્યો હતો. સીબીઆઈ કોર્ટમાં ડી.જી. વણઝારા અને એન.કે. અમીન કોઈ કારણોસર હાજર રહી શક્યા ન હતા. કોર્ટે કેસની વધુ સુનાવણી ૩૧મી જાન્યુઆરીના રોજ યોજાશે.

# અમદાવાદ શહેરમાં હળવા વરસાદની આગાહી કરાઈ

## નલિયામાં તાપમાન ઝડપથી વધીને ૧૧.૪ ડિગ્રી નોંધાયુ : અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડિગ્રી

અમદાવાદ,તા. ૨૦

અમદાવાદ સહિત ગુજરાતમાં ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં એકાએક નોંધપાત્ર વધારો થયો છે. આજે વાદળછાયુ વાતાવરણ હોવા છતાં તાપમાનમાં વધારો નોંધાયો હતો. બીજી બાજુ ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા અથવા તો ગાજવીજ સાથે વરસાદ કરવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ માટે પણ સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે હળવા વરસાદી ઝાપટા કેટલીક જગ્યાએ થઈ શકે છે. ઓછા તાપમાન માટેની કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તાપમાનમાં આજની સરખામણીમાં આવતીકાલે ફરીવાર ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે.

આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડિગ્રી નોંધાયુ હતુ જે બિલકુલ સામાન્ય તાપમાન છે. બીજી બાજુ નલિયામાં પણ તાપમાનમાં એકાએક નોંધપાત્ર વધારો થયો છે. ગઈકાલે નલિયામાં ૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જેની સરખામણીમાં આજે લઘુત્તમ તાપમાન વધીને ૧૧.૪ ડિગ્રી નોંધાયુ હતુ. રાજ્યના કોઈ પણ ભાગમાં પારો ગગડ્યો ન હતો. તમામ જગ્યાઓએ નોંધપાત્ર વધારો તાપમાનમાં થયો હતો જો કે હજુ પણ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. જો કે આજે ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડે તેવી ઠંડી નોંધાઈ ન હતી. વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. પાટનગર ગાંધીનગરમાં આજે ૧૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. સૌથી ઓછુ તાપમાન ડિસામાં નોંધાયુ હતુ.

## કચરાપેટીમાંથી નવજાત મૃત બાળક મળી આવ્યુ

અમદાવાદ, તા.૨૦

શહેરના વટવા વિસ્તારમાં આવેલ સૈફી કોલોનીની બાજુના ખુલ્લા પ્લોટની કચરાપેટીમાંથી નવજાતમૃત બાળક મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી ઘટનાની જાણ થતાં જ નજીક રહેતા લોકોના ટોળેટોળા ત્યાં ઉમટી પડ્યા હતા અને ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરી હતી. બીજી તરફ ઓઢવ વિસ્તારમાંથી પણ બિનવારસી હાલતમાં એક કાર મળી આવી હતી કારમાં ડ્રાઈવરની બેઠક બાજુ ઉથરવાની જગ્યા પરથી લોહીના ડાઘા જોવા મળ્યા હતા.

# અમદાવાદમાં એક વર્ષમાં ૨૦૦૦થી પણ વધુ શૌચાલયો તોડી પડાયા

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરના મધ્યઝોનના દૂધેશ્વર વોર્ડમાં આવેલ મારવાડીની ચાલી અંદર આવેલ પબ્લીક શૌચાલય તથા ટાટા એડવાન્સ મીલની ચાલી, તાવડીપુરા રોડ ઉપર આવેલ પે એન્ડ યુઝ શૌચાલય તોડી પાડવામાં આવશે. અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં જાહેર શૌચાલયો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તોડવામાં આવી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ થોડા સમય અગાઉ કહ્યું હતું કે, દેવાલયો બાંધો તે પહેલા શૌચાલયો બાંધો, પરંતુ અમદાવાદ શહેરની પ્રજાજનોને મ્યુનિસિપલ કોર્પોરેશનનું ગણિત સમજાતું નથી અને મ્યુનિ. કોર્પો.ને પોતાનું ગણિત સમજાતું નથી કે તેઓ શું કરી રહ્યા છે અ.મ્યુ.કોર્પો. એ શરૂઆતથી જ જરૂરીયાતમંદોના ઘરમાં શૌચાલયો ન બનાવ્યા પણ જરૂરીયાતમંદો માટે જાહેરમાં કોમન યુઝ માટે શૌચાલયો બનાયા જેનાથી અ.મ્યુ.કોર્પો. ઉપર વધારાનો આર્થિક બોજ પડ્યો કેમ કે લોકોએ જાતે જ પોત પોતાની રીતે ઘરોમાં શૌચાલયો બનાવતાં તંત્ર દ્વારા બનાવેલા જાહેર શૌચાલયો બિનઉપયોગી થઈ ગયા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ એન્ડી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શંભુભાઈએ જણાવ્યું હતું કે, મારવાડીની ચાલીની અંદર તેમજ એડવાન્સ મીલની ચાલી તાવડીપુરા રોડ ઉપર આવેલ બંને શૌચાલય દૂધેશ્વર વોર્ડમાં જ આવેલા છે.

## 'શિવ મહિમા' એટલે એક એવો ગ્રંથ કે જેમાં સમાયો છે સમસ્ત શિવત્વનો સાર, કહો કે તેમાં છે સ્વયં શિવનો વાસ

ભગવાન શંકરને પામવું જેટલું સહેલું છે તેટલું જ અઘરું છે તેમને સમજવું. કહેવાય છે કે ભકતો પર ઝટ રીઝતા ભોળાનાથને સમજવા માટે તો ભવના ભવ પણ ઓછા પડે, પણ હવે જીવને શિવમય બનાવવા, ભકત ભગવાન વચ્ચે સમજણનો અને સંબંધનો સરળ સેતુ રચવા આવી રહ્યું છે શિવ મહિમા. 'શિવ મહિમા' એટલે એક એવો ગ્રંથ કે જેમાં સમાયો છે સમસ્ત શિવત્વનો સાર, કહો કે તેમાં છે સ્વયં શિવનો વાસ.

'શિવ મહિમા' ગ્રંથની વિશિષ્ટતા એ છે કે શિવ મહાપુરાણ, સ્કંદપુરાણ જેવા પુરાણમાંથી કથાઓ, દષ્ટાંતો તેમજ માહાત્મ્ય લઈને સામાન્ય ભકતોને સમજાય તેવી ભાષામાં તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથનું સંપાદન કર્યું છે ભાગવત કથાકાર કૃણાલભાઈ શાસ્ત્રીએ સૌથી મહત્વની વાત એ છે કે કૃણાલભાઈ શાસ્ત્રી સ્વયં પ્રજ્ઞાચક્ષુ છે અને છતાં જીવને શિવની સમીપ લઈ જતા આ મહાન ગ્રંથના સંપાદનનું ભગીરથ કાર્ય કર્યું છે. તારીખ ૧૯ જાન્યુઆરી રવિવારના રોજ સોલા ભાગવતના પ્રધાન આચાર્ય ડૉ. હિતેન્દ્રભાઈ જી. વ્યાસના વરદ હસ્તે આ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યુંહતું.

## શબ્દાવલી - ૫૨૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ■ | ૩ | ૪ |
| | ■ | ■ | ૫ | ૬ | ૭ | | |
| ૮ | ૯ | ■ | ■ | ૧૦ | | | ■ |
| ૧૧ | | | | ■ | | | ૧૨ |
| ■ | ■ | ■ | ■ | ૧૩ | | | |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ■ | | ■ | |
| ■ | ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | ■ | | ■ | ૨૨ | | ■ |

### આડી ચાવી

૧. શિવનું પ્રતિક (૪)
૩. કામદેવની પત્ની (૨)
૫. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૮. તાલ, લીનતા, પ્રલય (૨)
૧૦. શૂરાતન, ગૌરવ (૩)
૧૧. યશ ગાવો તે (૪)
૧૩. રાજસ્થાનની સરહદે આવેલ આ સ્થાને થોડા વખત પહેલા અણુ ધડાકા (પરીક્ષણ) થયા (૪)
૧૪. અફીણના છોડના બીચૂરમાના લાડુ હટવું કે ડગવું તે (૩)
૧૮. પાછું હટવું કે ડગવું તે (૩)
૧૯. ઘા, કણ (૩)
૨૧. હેતુ, મતલબ (૨)
૨૨. પર્વત, ઝાડ, વૃક્ષ (૨)

### ઊભી ચાવી

૧. મહાદેવનું મંદિર (૪)
૨. ગપ્પુ (૨)
૩. ફજેતી, ખરાબ અંજામ(૩)
૪. બાણ, શર (૨)
૬. નાનો છોડ, છોડવો (૨)
૭. બીજાનું દુઃખ દૂર કરનાર(૭)
૯. .... જરથુષ્ટ, કૃષ્ણની માતાના નામના પ્રથમ બે અક્ષર (૨)
૧૨. નમે નહિ તેવું (૪)
૧૫. બળવાન, શક્તિમાન (૩)
૧૬. એક ઝાટકે કાપતા અવાજ આવે તે (૨)
૧૭. સર્વ, તમામ, બધુ (૩)
૨૦. પક્ષી, પંખી (૨)

### શબ્દાવલી ૫૨૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) માલેતુજાર (૪) મૌન (૬) નખ (૭) ઢોલિયો (૮) આયુષ્ય (૯) રોપવે (૧૨) શટરપટર (૧૪) રમી (૧૬) ઠામ (૧૮) ડાક (૧૯) મુશળ (૨૦) ઓપ
**ઊભી ચાવી :-** (૨) માનસરોવર (૨) લેખ (૩) જાળિયુ (૪) મૌલિક (૫) નયો (૮) આવેશ (૧૦) લપડાક (૧૧) ધરતીકંપ (૧૩) ટકો (૧૫) મીઠાશ (૧૭) મળ (૧૮) ડાટી

## ચૂંટણી માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોમ્પ્યુટરાઈઝેશન માટે જિલ્લા આંકડા અધિકારી શ્રી એન.જી. પટેલ, સ્વીપ માટે શ્રી આર.એમ. મહેરીયા, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ માટે શ્રી આર.એ. આચાર્ય, સાધન સામગ્રી માટે શ્રી એચ.જે. પટેલ, મતદાર હેલ્પલાઈન માટે શ્રીમતિ જે.કે. અંતાઉ તેમજ તાલિમ માટે શ્રી ડી.આર. દવેની નિમણુંક કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી માટે નોડલ ઓફિસરની નિમણુંક બાદ હવે જુદી જુદી સમિતિઓની રચના પણ ઝડપથી કરવામાં આવશે. આ ઉપરાંત મતદાર યાદી માટે પણ ઝડપથી હેલ્પલાઈન કંટ્રોલરૂમ શરૂ કરાશે. આ માટે હાલ ઈ.ગ્રામ કેન્દ્ર ખાતે નામ ચકાસણીની કામગીરીની સેવા અપાયેલી છે જે ઉલ્લેખનીય છે.

નાયબ મામલતદારની ૨૦થી વધુ જગ્યાઓ પણ મંજૂર થઈ આવી છે જેના પર નિમણુંક આપવા માટે પણ તંત્રએ કવાયત હાથ ધરી છે. તંત્રએ ૧૦ હજાર જેટલા કર્મચારીઓની પણ ચૂંટણી ફરજ માટેની ડેટા એન્ટ્રી પૂર્ણ કરી દીધી છે. તેમજ આ માટેનો પ્લાન તૈયાર કરવા માટેની કવાયત ચાલી રહી છે.

## મેટ્રોય ન આવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેનરોથી ગાંધીનગરના વસાહતીઓને વિશ્વાસ થઈ ગયો હતો કે હવે ટુંક સમયમાં મેટ્રોનું કામ શરૂ થઈ જશે. બે થી ત્રણ વખત તો પ્રોજેક્ટને રીવાઈઝ કરી રૂટમાં વધઘટ કરવામાં આવી હતી. ગીફટસિટી અને મહાત્મા મંદિર સુધી મેટ્રોના રૂટને લંહાવાયો હતો. વિકાસના નામે વૃક્ષોનું નિકંદન કાઢી દેવાયું ત્યારે ગાંધીનગરવાસીઓએ પોતાની જાતને મનાવી લીધી હતી કે ભલે વૃક્ષો કપાયા, મેટ્રો તો આવશે ને... જો કે તાજેતરમાં જ સરકારે કરેલી જાહેરાતમાં ગાંધીનગરને બાકાત રાખી દેવાતા નગરજનોના મન કોચવાયા છે.

મેટ્રોની જાહેરાતકરાઈ ત્યારે અહીં જ વસતા મંત્રીઓ અને રાજકીય આગેવાનોએ વિકાસના ગુણગાન ગાઈ મેટ્રોનો જોરશોરથી પ્રચાર કર્યો હતો અને ગત વિધાનસભાની ચૂંટણીમાં મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો હતો. હવે જ્યારે મેટ્રોનો પ્રોજેક્ટ ટુંકાવી દેવાયો છે ત્યારે રાજકીય આગેવાનો કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવામાંથી બચી રહ્યા છે. કોઈ મંત્રી કે ધારાસભ્યે એ બાબતે રજૂઆત સુધ્ધા કરી નથી. મેટ્રો ટ્રેનને ગાંધીનગર સુધી લંબાવવી જ જોઈએ તેવી માંગણી કરવામાંથી જ રાજકીય આગેવાનો બચી રહ્યા છે. બીઆરટીએસ હોય કે મેટ્રો ટ્રેન ગાંધીનગરને સતત અન્યાય થઈ રહ્યો છે. તેમ છતાં આગેવાનો ચૂપ છે તે નવાઈની વાત છે. ગાંધીનગરવાસીઓને તો એ વાતનું દુઃખ લાગી રહ્યું છે કે વૃક્ષોય કપાયા અને મેટ્રો પણ ન આવી.

## નમોની 'ચા ગોઠડી'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરથી આ અભિયાન શરુ થાય તેવી શકયતા છે. દેશભરના ૩૦૦ સંસદીય મતદાર ક્ષેત્રમાં અંદાજે ૧૦૦૦ ચાની દુકાનથી આ અભિયાનની શરુઆત કરવામાં આવશે. મોદી ઈન્ટરનેટ અને ડીટીએચના માધ્યમ થકી ત્યાંના લોકો સાથે જોડાશે.

નરેન્દ્ર મોદી એક દિવસમાં પાંચથી આઠ નુકકડ સભાઓને સંબોધિત કરશે. જેનો વિષય 'નમો કે સાથ ચાય પે ચર્ચા' હશે. આ અભિયાન અંતર્ગત મોદી સામાન્ય મુદ્દાઓ પર જનતા સાથે વ્યાપક ચર્ચા કરશે. આ માટે અત્યાર સુધી ૩૦૦ જેટલી ચા ની દુકાનો સાથે વાતચીત થઈ ગઈ છે.

## મામલતદાર બનાવવાની વિચારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાયબ મામલતદાર તરીકે બઢતી આપવાની કાર્યવાહી અને કવાયત તેના અંતિમ તબક્કામાં છે.

નવા જિલ્લાઓની રચનાને છ માસથી વધુ જેટલો સમય થઈ ગયા બાદ હજુ ત્યાં તંત્ર કાર્યરત મહેકમના અભાવે થઈ શક્યું નથી તો ઘણી બધી બાબતોને લઈ તાજેતરમાં કલેક્ટરોની મળેલી એક સમીક્ષા બેઠકમાં પણ રજુઆતો થઈ હતી. રાજ્ય સરકારે પણ આ દિશામાં ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં વિધાનસભાનું બજેટસત્ર મળવાનું છે ત્યારે આ બાબત સહિત કેટલીક મહત્વની જાહેરાતો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે તેમ મનાઈ રહ્યું છે. આ અંગે વિભાગો સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે કે ૨૦૧૪ અને ૨૦૧૫માં વય નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યા ઘણી મોટી છે. આ સંજોગોમાં વહીવટીતંત્ર પર વિપરીત અસરો ના પડે તે માટે સરકારે કર્મચારીઓ પણ ખુશ થાય તેવી મહત્વની કેટલાક જાહેરાત ચૂંટણી પહેલા કરવાની વ્યુહરચના તૈયાર કરી હોવાનું મનાય છે.

## 'આપ' સરકારના ધરણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ અને તેમના કેબિનેટના સભ્યો વિરોધ જારી રાખશે. ૧૦ દિવસ રહેશે તો પણ તેમની માંગણી યથાવત રહેશે.

કેજરીવાલે કહ્યુ હતુ કે જો જરૂર પડશે તો શેરીઓમાંથી દિલ્હી સરકાર ચલાવવામાં આવશે. એએપીના વડાએ તેમની સાથે ધરણામાં જોડાવવા દિલ્હીના લોકોને અપીલ કરી હતી. બીજી બાજુએ આમ આદમી પાર્ટીના સમર્થકો અને દિલ્હી પોલીસ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. કેન્દ્ર સરકાર અને આમ આદમી પાર્ટી આમને સામને આવી ગઈ છે. રેલ ભવનની સામે ધરણાની શરૂઆત થયા બાદ અરવિંદ કેજરીવાલની પણ વ્યાપક ટીકા શરૂ થઈ ચુકી છે. કેજરીવાલે ઈમાનદાર પોલીસ અધિકારીઓને રજા લઈને તેમની સાથે જોડાવવા અપીલ કરી હતી. હાઈ સિક્યુરીટી વિસ્તારમાં પ્રતિબંધાત્મક આદેશોને ફગાવી દેવામાં આવ્યા હતા. કેજરીવાલની સાથે છ પ્રધાનો પણ જોડાયા હતા અને ફરજ પર બેદરકારી રાખનાર અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરી હતી. અગાઉ સવારે કેજરીવાલની સાથે તેમના સમર્થકોએ ગૃહમંત્રાલય તરફ આગેકૂચ કરવાના પ્રયાસ કર્યા હતા. સમર્થકોને સંબોધતા કેજરીવાલે આ પ્રકારની સ્થિતિ ઉભી કરવા વડાપ્રધાન, ગૃહપ્રધાન અને કેન્દ્ર પર દોષારોપણ કર્યા હતા અને કહ્યુ હતુ કે તેમને ધરણા કરવાની ફરજ પડી રહી છે. કેજરીવાલે એમ પણ કહ્યુ હતુકે યુગાન્ડાના હાઈકમિશનના એક મહિલા અધિકારી સોમનાથ ભારતીને મળી ચુક્યા છે અને કેટલીક ખાતરી આપી હતી. મુખ્યમંત્રીએ દિલ્હી પોલીસ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુકે કેટલાક પોલીસ અધિકારીઓ નાણાં લઈ રહ્યા છે.